# પ્રભુ વિશ્વાસીઓને સાથે કામ કરવા મદદ કરે છે.
## સાચા પ્રકારની આગેવાની બાબતે બાળકોને શિખવો.

બાળકોને લગતી પ્રવૃતિઓ પસંદ કરો.

**પ્રાર્થના :** સારી સંકલીત શરીરરુપ સંસ્થા તરીકે એક ગાંઠ થઈને કામ કરવા પ્રભુ અમારી સહાય કરો.



**નહેમ્યાહે કહ્યુ,“જયાં જયાં તમે રણશિગડાનો અવાજ સાંભળો,ત્યાં તમે અમારી સાથે જોડાઈ જાઓ દેવ આપણે માટે યુદ્ધ કરશે.”**

રણશિંગડાનું **ચિત્ર દોરો.**

- સમજાવો કે ઈસ્ત્રાએલીઓ જે રણશિગડા વાપરતા હતા તે ઘેંટાના પોલા શિંગડામાંથી જ બનાવવામાં આવતા હતા.
- મોટો છોકરાં નાનાઓને મદદ કરે.
- બાળકો આ ચિત્રો ભજવસભા વખતે બતાવે અને સમજાવેકે દેવ આગેવાનોને પોતાના લોકોને એકતામા કાર્ય  કરવા બોલાવવા માટે વાપરે છે.

**નહે ૪:૧-૨૩ માંથી કોઈ બાળક અથવા શિક્ષક** નહમ્યાહની વાર્તા વાંચે અથવા કહે બાળકો વાર્તા ધ્યાનથી સાંભળે અને નહેન્યાહના સમયમાં જે મોટો કોટ બાંધવાની યોજના હતી જે દ્વરા દેવને ખૂબ મહિમાં મળવાનો હતો  તે માટે દેવના  આગેવાનોએ તેના લોકોને કેવા એકદિલ ક્ર્યા  હતા તે સમજે તે પર ભાર મૂકો.

**વાર્તા સમજાવ્યા પછી** આ પ્રશ્નો પૂછો (જો બાળકો જવાબો આપી ના શકે તો જ તમે કહો)

- યરુશાલેમની આસપાસના કોટ માટે ઈસ્ત્રાએલના દુશ્મનો શું કહેતા હતા ? *(જ.-ક. ૨)*
- જયારે તેના શત્રુઓએ નહેમ્યાહને બીવડાવ્યો ત્યારે તે કોની પાસે ગયો ?  *(જ-ક.૯)*
- દેવને પ્રાર્થના કર્યા પછી કોટના રક્ષણ માટે નહેમ્યાહે શો પ્રબંધ ક્યો ? *(જ.ક ૧૩)*
- કોટ બાંધવા માટે ઈસ્ત્રાએલીઓએ કેવો ભારે પરિશ્રમ કર્યો ? *(જ-ક.૬)*
- *(જ-ક.  ૨૩)*
- પોતાના પૂરા હદયથી કામ કરવા માટે નહેમ્યાહે લોકોને કેવી રીતે પ્રોત્સાહન આપ્યું ? *(જ- પ્રથમ નહેમ્યાહે લોકોને પ્રાર્થના કરવા દોર્યા પછી જે કાંમ કરવાનુ હતુ તેનુ આયોજન કર્યુ તેમને દેવની અમાપ શકિત વિષે પ્રોત્સાહિત કર્યા અને પોતે અથાગ પરિશ્રમનો ઉતમ દાખલો આપીને તેમની સાથે કામમાં જોડાયો)*

નહેમ્યાહની વાર્તાનું **નાટક બનવો** નહે ૪:૧-૨૩.

- ભજનસેવાના મુખ્ય અધિકારી પાસેથી આ નાટક રજુ કરવાની મંજુરી મેળવો બાળકોને નાટક તૈયાર કરવવા તમારો સમય ફાળવો મોટા બાળકો નાના બાળકોની સહાય કરે.
- મોટા બાળકો કે સભાજન આ પત્રો ભજવે.
  **વર્ણન કરનાર** વાર્તાને સંક્ષિપ્ત કરે અને
  **નહેમ્યાહ** બીજા હાથમાં હથોડી કે અન્ય હથિયાર પકડે.
- નાના બાળકો આ પાત્રો ભજવે
  **ઈસ્ત્રાએલીઓ** બાંધકામના પથ્થરો અને ભાલા હાથમાં પકડે
  **શત્રુઓ** હાથમાં ભાલા રાખે.

**વર્ણન કરનાર** : કલમ ૧ અને ૨ ઉપરથી વાર્તાનો પ્રથમ ભાગ કહે

**ઈસ્ત્રાએલીઓ** : યરૂશાલેમની આસપાસ કોટ બાંધે છે તેમના શત્રુઓ તેમની હાંસી કરે છે આ દુશ્મનો શું કહે છે તે સાંભળો.

**શત્રુઓ** : હાસ્ય કરે અને આવી બડાશો મારે આ મુર્ખ યહુદીઓ અત્યારે શું બાંધવા બેઠા છે ? શું તેઓ કોટ બાંધી રહ્યા છે?

''આ તો પથ્થરોના ઢગલા દેખાય છે''

''એક શિયાળ તેના પર ચઢે તો તે તૂટી પડે.''

**વર્ણન કરનાર** : વાર્તાનો બીજો ભાગ તે કહે કલમ ૬-૧૪ પછી કહે સાંભળો, નહેમ્યાહ શું કહે છે

**નહેમ્યાહ** : ''સૌ પ્રથમ આપણે સહાય માટે દેવની આગળ પ્રાર્થના કરીએ હે પ્રભુ આ કામ પૂરૂ કરવામાં અમારી સહાય કરો અને ભાઈઓ સાંભળો આપણા શત્રુઓની બડાશો પર ધ્યાન ના આપશો આ મહાન કાર્યને માટે આપણે બધા એકદિલ થઈએ અને કામ ચાલુ રાખીએ.''

**ઈસ્ત્રાએલીઓ** : ''અમે અમારા સંપૂર્ણ હૃદયથી કામ કરીશું''

(તેઓ એકબીજાને કહે )''જો તમે આ ભાગમાં કામ કરો છો તો હું બીજા ભાગમાં કરૂં છું''

**વર્ણન કરનાર** : કલમ ૧૫-૨૩ ઉપરથી પોતાની પાસે રાખે જયારે તમે રણશિંગડાનો અવાજ સાંભળો ત્યારે કોટના રક્ષણ માટે તરત આવી જજો ગમે તે સમયે તૈયાર રહો આપણે ત્યારે કોટ બાંધવાનુ કામ આ રીતે કરવાનુ છે એક હાથે કામ અને બીજા હાથમાં તલવાર

**ઈસ્ત્રાએલીઓ** : જૂઓ,દિવાલ મજબૂત બની છે

આપણે લગભગ પુરુ કર્યું છે.

જૂઓ,નહિમ્યાહ કેટલું સખત કામ કરે છે.

આપણે માટે તે નમૂનાદાયક છે.

**વર્ણન કરનાર** : અથવા મોટો છોકરો નાટકમાં મદદ કરનારાઓનો આભાર માને

જો બાળકોએ આ નાટક મોટાઓ સમક્ષ ભજવ્યું હોય તો તેમને ઉપર આપેલા પ્રશ્નો પણ પૂછવા દો.

ચાર છોકરાઓ દરેક ગી.શા ૨:૧-૨ અને ૧૦-૧૧ બોલી જાય એવા સંજોગો આવે જયારે વિશ્વાસીઓ ભેગા થઈને પ્રભુ માટે મોટું કામ ઉપાડે તે માટેના નહેમ્યાહ જેવા આગેવાનોની જરૂર છે આવા બીજા કોઈ ઉદાહરણ બાળકોને જણાવવા દો.

યોહાન ૧૭ :૨૩ **મુખપાઠ કરો.**

મોટા બાળકો ગીત કે નાટક લખે જેનો વિષય ખ્રિસ્ત માટે ભેગા મળીને કામ કરવુ તે હોય અઠવાડીયા દરમ્યાન તેઓ તે કરે

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ તમે સર્વ ઉપર રાજા છો તમને કોઈ જીતી શકે નહિ. તમારી સહાય વડે અમે અમારા પ્રશ્નનો સામનો કરીએ છીએ અને બીજાને પણ મદદ કરીએ છીએ અમે દર વખતે પહેલા તમારી સહાય શોધીએ તેવું થવા દો અમે એકબીજાને પૂરા હૃદયથી મદદરૂપ થઈએ તેવુ થવા દો.



Copyright © 2004 by Paul - Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net.